# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 13-Dec-2024 સવારે : 7.45 થી 7.55

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે પ્રયાગરાજમાં મહા કુંભ પૂર્વે સાડા પાંચ હજાર કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ઉદઘાટન કરશે
2) લોકસભામાં આજથી બંધારણ સ્વીકારના 75મા વર્ષ પ્રસંગે બંધારણ પર બે દિવસની ચર્ચા શરૂ થશે
3) વિદેશમંત્રી એસ જયશંકર અને યુએઇનાં વિદેશમંત્રી આજે ભારત-યુએઇ સંયુંક્ત આયોગની બેઠકમાં ભાગ લશે
4) હોકીમાં, મહિલા જુનિયર એશિયા કપમાં થાઇલેન્ડને હરાવીને ભારત સેમિફાઇનલમાં પ્રવેશ્યું
5) મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં આગામી બેથી ત્રણ દિવસ શીત લહેરની હવામાન વિભાગની આગાહી

## *REV. PM – PYAYAGRAJ*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રયાગરાજમાં મહાકુંભ મેળા પહેલા આજે સાત હજાર કરોડ રૂપિયાના વિકાસ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરશે.**

**આ પ્રોજેક્ટ્સમાં દસ નવા રોડ ઓવર બ્રિજ અને ફ્લાયઓવર, કાયમી ઘાટ અને નદી કિનારાના રસ્તાઓનું નિર્માણ સામેલ છે. આ પ્રોજેક્ટ્સ પ્રયાગરાજ અને તેની આસપાસ પરિવહનની સુવિધા અને સંપર્ક વધારવાના ઉદ્દેશ્ય સાથે તૈયાર**

કરવામાં આવ્યા છે. શ્રી મોદી ગંગા નદીમાં દૂષિત પાણીના પ્રવાહને રોકવા માટેની યોજનોનો પણ આરંભ કરાવશે.

પ્રધાનમંત્રી આજે બપોરે પ્રયાગરાજ પહોંચી મુલાકાતનો પ્રારંભ ગંગા, યમુના અને સરસ્વતિના પવિત્ર સંગમ પર પૂજા અર્ચના સાથે કરશે. ઐતિહાસિક અક્ષય વટવૃક્ષની પૂજા કર્યા બાદ તેઓ હનુમાન મંદિર અને સરસ્વતી કૂપના દર્શન કરશે. શ્રી મોદી મહાકુંભ પ્રદર્શન સ્થળની પણ મુલાકાત લેશે અને કુંભ મેળાની તૈયારીઓની સમીક્ષા કરશે. તેઓ મહાકુંભના મુલાકાતીઓને મદદ માટે રચાયેલ સહાયતા ચેટબોટનું પણ ઉદ્ઘાટન કરશે. આ ચેટબોટથી કુંભ મેળાનું સંગઠન વધુ સંગઠિત અને સુલભ બનશે અને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પ્રયાગરાજની ઓળખ વધુ મજબૂત થશે. કુંભ મેળો આવતા વર્ષે 13 જાન્યુઆરીથી શરૂ થશે અને 26 ફેબ્રુઆરી સુધી ચાલશે.

.................

## *LOK SABHA - CONSTITUTION*

લોકસભામાં આજે બંધારણ પર બે દિવસીય ચર્ચા શરૂ થશે. ભારતીય બંધારણના સ્વીકારના 75મા વર્ષ નિમિત્તે આ ચર્ચા શરૂ થઈ રહી છે. લોકસભાની સૂચિબદ્ધ કારોબારી મુજબ, પ્રશ્નકાળ પછી, ભારતના બંધારણના સ્વીકૃતિની 75મી વર્ષગાંઠ પર વિશેષ ચર્ચા થશે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ ચર્ચાની શરૂઆત કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બે દિવસીય ચર્ચા પર પોતાનો અભિપ્રાય રજૂ કરશે.

ચર્ચા પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રણનીતિ બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપા અધ્યક્ષ જે.પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

16 અને 17 ડિસેમ્બરે રાજ્યસભામાં સંવિધાન પર ચર્ચા થશે. સંસદના શિયાળુ સત્રમાં બંધારણ પર ચર્ચા વિપક્ષની મુખ્ય માંગ રહી છે. વિપક્ષો સાથેની સમજૂતી મુજબ ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની એનડીએ સરકાર લોકસભા અને રાજ્યસભામાં બંધારણ પર ચર્ચા કરવા સંમત થઈ હતી.

ભારતીય બંધારણ સભાએ 26 નવેમ્બર 1949ના રોજ બંધારણને મંજૂરી આપી હતી અને તે 26 જાન્યુઆરી 1950થી અમલમાં આવી હતી. ભારતને સાર્વભૌમ અને લોકશાહી પ્રજાસત્તાક તરીકે સ્થાપિત કર્યું.

વર્ષ 2015માં મોદી સરકારે 1949 માં ભારતીય બંધારણની મંજૂરીના સન્માનમાં 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે જાહેર કર્યો.

.................

## *PARLIAMENT ATTACK ANNIVERSARY*

વર્ષ 2001 માં આજના દિવસે આતંકવાદી હુમલા દરમિયાન સંસદની રક્ષા કરતા જીવ ગુમાવનારા સુરક્ષા કર્મચારીઓને રાષ્ટ્ર આજે શ્રદ્ધાંજલિ અર્પે છે. ઉપરાષ્ટ્રપતિ અને  રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભાના અધ્યક્ષ ઓમ  બિરલા, કેન્દ્રીય મંત્રીઓ, સંસદસભ્યો આજે સંસદ ભવન ખાતે શહીદોને પુષ્પાંજલિ અર્પણ કરશે.

.................

## *CONGRESS - DELHI FIRST LIST*

કોંગ્રેસે આગામી દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે 21 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે.

પાર્ટીએ બાદલી વિધાનસભા વિસ્તાર માટે પ્રદેશ અધ્યક્ષ દેવેન્દ્ર યાદવ, સંદીપ દીક્ષિતને નવી દિલ્હી વિધાનસભા વિસ્તાર, બલ્લીમારાનથી હારૂન યુસુફ, રાગીણી

નાયકને  વજીરપુરથી, અબ્દુલ રહેમાનને સીલમપુરથી અને અનિલ ભારદ્વાજને સદર બજાર વિધાનસભા  વિસ્તાર માટે ઉમેદવાર બનાવાયા છે.

.................

## *INDIA-UAE MEETING*

વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજે નવી દિલ્હીમાં UAE ના વિદેશ મંત્રી શેખ અબ્દુલ્લા બિન ઝાયેદ અલ નાહયાન સાથે 15મી ભારત-UAE સંયુક્ત આયોગની બેઠકની સહ-અધ્યક્ષતા  કરશે.

બંને નેતાઓએ ગઈકાલે નવી દિલ્હીમાં ચોથી ભારત-UAE વ્યૂહાત્મક સંવાદની સહઅધ્યક્ષતા કરી હતી. ડૉ. જયશંકરે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વ્યૂહાત્મક સંવાદએ એક અસરકારક પ્લેટફોર્મ છે જે નેતૃત્વ માર્ગદર્શનને વાસ્તવિકતામાં ફેરવવામાં મદદ કરે છે.

UAE ના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી ચોથી વ્યૂહાત્મક સંવાદ અને 15મી ભારત-UAE સંયુક્ત આયોગની બેઠકમાં ભાગ લેવા બુધવારે રાત્રે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમનું સ્વાગત કરતાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ મુલાકાત ભારત અને UAE વચ્ચે બહુ-આયામી ભાગીદારીને વધુ મજબૂત કરશે.

ભારત અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે વર્ષોથી વેપાર સંબંધો રહેલા છે. UAE 2022-2023માં ભારતમાં ચોથો સૌથી મોટો વિદેશી સીધો રોકાણકાર હતો. તેણે ભારતમાં માળખાકીય સુવિધામાં 75 અબજ ડોલરનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ દર્શાવી છે. UAEમાં 35  લાખથી વધુ ભારતીયો વસે છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

.................

## *HOCKEY*

ભારત મહિલા જુનિયર હોકી એશિયા કપની સેમીફાઇનલમાં પહોંચી ગયું છે. ગઈકાલે ઓમાનના મસ્કતમાં રમાયેલી મેચમાં  ભારતે થાઈલેન્ડને 9-0થી પરાજય આપ્યો હતો. આ જીત સાથે જ ભારતે આવતા વર્ષે ચિલીમાં યોજાનારી FIH ચેમ્પિયનશિપ જુનિયર વિશ્વ કપમાં માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ભારત માટે દીપિકાએ ચાર ગોલ જ્યારે કનિકા  સિવાચે સતત ત્રણ ગોલ કર્યા.

આવતીકાલે સેમિફાઇનલમાં ભારતનો મુકાબલો જાપાન સામે થશે.

.................

## *INDIAN LIGHT TANK*

ભારતીય લાઇટ ટેન્કે 4 હજાર 200 મીટરથી વધુની ઉંચાઈએ વિવિધ રેન્જમાં સચોટ  ફાયરિંગ કરીને મહત્વની સિદ્ધિ હાંસલ કરી છે.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે લાઇટ ટેન્કને ઊંચાઈવાળા સ્થળોએ સશસ્ત્ર દળોની જરૂરિયાતને પહોંચી વળવા માટે 25 ટન વર્ગના બખ્તરબંધ લડાયક વાહન તરીકે ડિઝાઇન કરવામાં આવી રહી છે. તે ચેન્નાઈ સ્થિત સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનની પ્રયોગશાળામાં યુદ્ધ વાહનો સંશોધન અને વિકાસ સંસ્થાન દ્વારા ડિઝાઇન અને વિકસિત કરવામાં આવ્યું છે.

સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે ભારતીય હવાઈદળે લાઇટ ટેન્કની એરલિફ્ટ ક્ષમતાનું પણ  પ્રદર્શન કર્યું છે. આ ક્ષમતા સાથે જ્યાં માર્ગ અથવા રેલ વે દ્વારા પહોંચવું મુશ્કેલ

છે તેવા દૂરના સ્થળોએ પણ ટેન્કને તૈનાત કરી શકાય. મંત્રાલયે કહ્યું કે ટેન્કના વધુ ઉપયોગ પહેલા  કેટલાક વધુ પરીક્ષણો હાથ ધરવામાં આવી રહ્યા છે.

.................

## *IMD-WEATHER*

હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસ દરમિયાન મધ્ય અને ઉત્તર-પશ્ચિમ ભારત, રાજસ્થાન અને છત્તીસગઢમાં ઠંડીનું મોજું રહેવાની આગાહી કરી છે. પંજાબ, ઉત્તરપ્રદેશ, હરિયાણા, ચંદીગઢ અને મધ્યપ્રદેશમાં પણ આગામી બે દિવસ ઠંડીનું જોર રહેશે. આવી જ સ્થિતિ પશ્ચિમ બંગાળ, બિહાર અને ઝારખંડના ગંગા પ્રદેશમાં બે દિવસ સુધી રહેશે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ધુમ્મસની સંભાવના છે.

દિલ્હી-રાષ્ટ્રીય રાજધાની વિસ્તારમાં પણ રવિવાર સુધી રાત્રે અને સવારે ધુમ્મસ છવાયેલ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે તામિલનાડુ, લક્ષદ્વીપ, કરાઈકલ અને આંદામાન નિકોબાર ટાપુઓમાં આજે ભારે વરસાદની આગાહી કરી છે. દેશના પૂર્વ ભાગોમાં આજે લઘુત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે અને આગામી ચાર દિવસ સુધી પશ્ચિમી ભાગોમાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે

## અનિલ પટેલ

- ભારતના ડી ગુકેશ સૌથી નાની વયે વર્લ્ડ ચેમ્પિયન- આ સમાચારને મોટાં ભાગના અખબારોએ હેડલાઇન બનાવી છે. ગુજરાત સમાચારનું શિર્ષક છે- ભારતનો ડી ગુકેશ ચેસ જગતનો કિંગ-સૌથી નાની વયે વર્લ્ડ ચેમ્પિયન, ફુલછાબનું શિર્ષક-

ભારતને આનંદ, ગુકેશ ચેસનો બીજો ભારતીય વિશ્વનાથ. તો ઇન્ડિયન એક્સપ્રેસ દૈનિકે History at 18 શિર્ષક સાથે ગુકેશની તસવીર પ્રકાશિત કરી છે.

- વન નેશન-વન ઇલેક્શન બિલને કેબિનેટની મંજૂરી- આ હેડલાઇન નવગુજરાત સમય અને સંદેશમાં જોવા મળે છે.
- મંદિર-મસ્જિદ વિવાદ પર નવા કેસ કે આદેશ આપવા પર સુપ્રીમ કોર્ટનાં સ્ટે- આ સમાચારને દિવ્ય ભાસ્કરે હેડલાઇન બનાવી છે, જ્યારે સંદેશે પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- દિવ્ય ભાસ્કર વિશેષ અહેવાલમાં જણાવે છે કે, ગુજરાતમાં ધીમા ચાલતા 14 નેશનલ હાઇ વે પ્રોજેક્ટનો ખર્ચ ચાર હજાર કરોડ રૂપિયા વધી ગયો
- ગુજરાત સમાચાર જણાવે છે કે 6000 કરોડના કૌભાંડના મુખ્ય સૂત્રધાર ભુપેન્દ્ર ઝાલાના આગોતરા જામીન કોર્ટે ફગાવ્યા
- ઊંઝા APMCની ચૂંટણીમાં ભાજપના 14 ઉમેદવારને મેન્ડેટ  આ સમાચાર સ્થાનિક પાના પર જોવા મળે છે.
- સંદેશનાં અહેવાલ પ્રમાણે સુરતમાં 10 જ વર્ષનાં માસૂમે શર્ટ બાંધી ફાંસો ખાઇ આપઘાત કર્યો

-------------